નિયામક સમાજ સુરક્ષા,
બ્લોકનં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન,
જુના સચિવાલય, ગાંધીનગર,
Phone No. ૦૭૯-૨૩૨૫૬૩૧૧
Email :-dd3-dsd@gujarat.gov.in

સત્યમેવ જયતે

નં. DSD/WDA/e-file/226/2022/0767/PwDs Branch/ ૧૧૪૦૨ તા- ૭/૧૨/૨૦૨૨

વંચાણમાં:-

(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના પરીપત્ર ક્રમાંક: અપગ/૧૦૨૦૧૬/૬૮૦૬૬/છ-૧ તા-૧૦/૦૬/૨૦૨૧

## પરીપત્ર

ઉપરોક્ત વંચાણ-૧ના પરીપત્રથી શારિરીક અશક્ત વ્યક્તિઓ માટે ગુજરાતી ભાષામાં વપરાતા શબ્દ "વિકલાંગ"ના સ્થાને "દિવ્યાંગજન/દિવ્યાંગ" તથા અંગ્રેજીમાં Physical Handicapped/ Disabled ના સ્થાને "Persons with Disabilities" શબ્દ પ્રયોગ કરવાની સૂચના પરિપત્રિત કરવામાં આવેલ છે. જે મુજબ દિવ્યાંગોનો ઉલ્લેખ હોય તેવી વિભાગોની યોજનાઓ, દૈનિક અખબાર પત્રો, ડોક્યુમેન્ટ, કાર્યક્રમો તથા જ્યાં પણ વિકલાંગ/અશક્ત/અપંગ જેવા શબ્દોનો પ્રયોગ થતો હોય તેના સ્થાને "દિવ્યાંગ" શબ્દ પ્રયોજવાનું આથી પરિપત્રિત કરવામાં આવેલ છે.

વડી કચેરી ખાતેની "અપગ શાખા"નું નામ "દિવ્યાંગ કલ્યાણ શાખા (PwDs)" રહેશે. શાખા સાથે કરવામાં આવતા તમામ પત્રવ્યવહાર અને રજુઆત "દિવ્યાંગ કલ્યાણ શાખા" નામથી કરવાની રહેશે.

અનુભવે જણાય આવેલ છે કે, ખાતા હસ્તકના કચેરીઓ અને સંસ્થાઓ દ્વારા વિકલાંગ/અશક્ત/અપંગ જેવા શબ્દોનો ઉપયોગ કરવામાં આવે છે. ઉક્ત વિગતે સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની કચેરી અને સરકારી સંસ્થાઓને ખાતા હસ્તકની યોજનાઓ, પત્રો, ડોક્યુમેન્ટ, કાર્યક્રમો તથા જ્યાં પણ વિકલાંગ/અશક્ત/અપંગ જેવા શબ્દોનો પ્રયોગ થતો હોય તેના સ્થાને "દિવ્યાંગજન/દિવ્યાંગ" શબ્દ પ્રયોજવાનો રહેશે અને સમાજ સુરક્ષા હસ્તકની સર્વે

CamScanner

અનુદાનિત સંસ્થાઓ કે જે સંસ્થાના નામમાં જ્યાં વિકલાંગ/અશક્ત/અપંગ જેવા શબ્દોનો ઉપયોગ થયેલ હોય ત્યાં "દિવ્યાંગજન/દિવ્યાંગ" શબ્દ સુધારવા માટે સક્ષમ સત્તાતંત્ર પાસેથી મંજુરી મેળવી યોગ્ય સુધારો કરાવી લેવા આથી પરીપત્ર કરવામાં આવે છે. ઉકત પરીપત્રનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

eSign
Signed by: Jadav VIKRAMSINH Kirtisinh
Organization Unit: Directorate of Social Defence
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 03-Dec-2022 (05:18 PM)

નિયામક
સમાજ સુરક્ષા
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

પ્રતિ,
(૧) જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી સર્વે.
(૨) અધિક્ષકશ્રી/સુપ્રિટેન્ડેન્ટ્શ્રી, તમામ સરકારી સંસ્થા.
(૩) પ્રમુખ/મંત્રીશ્રી, સમાજ સુરક્ષા અનુદાનિત તમામ સંસ્થા.

નકલ સવિનય રવાના:-
સંયુક્ત સચિવશ્રી(સ.સુ), સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગરને જાણ સારૂ.

નકલ રવાના:-
નાયબ નિયામકશ્રી, વડી કચેરીની તમામ શાખાઓને જાણ અને અમલ સારૂ.

CamScanner